## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



અમારી જીતથી જલી ગયા એટલે આગ લાગી... અને સીડી તો એ લોકોના વખતમાં નાની ખરીદાયેલી હતી...

# વિવેકાનંદ મંડળો હવે સમાજ અને શાસન વચ્ચે સેતુ બનશે

### ૩ ઓગષ્ટથી ૧૭ સપ્ટેમ્બર દરમ્યાન આરોગ્ય સતર્કતા અભિયાન યોજી અંગદાન અંગે સંમતિ પત્રો મેળવાશે : મુખ્યમંત્રીના જન્મદિને સંવેદના વન નિર્માણ કરાશે

(વિશેષ પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત યુવક બોર્ડ હસ્તકના વિવેકાનંદ મંડળો હવે સરકાર અને સમાજ વચ્ચે સેતુ બનશે. આ અંગે ત્રિમાસિક કાર્યક્રમો પણ તૈયાર કરી દેવામાં આવ્યા છે એટલુ જ નહિ વિવેકાનંદ મંડળના પ્રભારીઓને આ માસાન્ત સુધીમાં ખાસ તાલિમ પણ આપવામાં આવી રહી છે.

ગઈકાલે ગાંધીનગર ખાતે આવી જ એક બેઠક યોજવામાં આવી હતી. જુનમાં પ્રવેશોત્સવથી વિવેકાનંદ મંડળો સમાજ સાથેનો નાતો જોડશે. આ પ્રવેશોત્સવમાં તેઓ સક્રિય રીતે જોડાશે એટલુ જ નહિ ૫૦ ટકાથી ઓછી હાજરી ધરાવતા બાળકોની યાદી શૈક્ષણિક સંસ્થાઓ પાસેથી મેળવી તેમના પરિવારો સાથે સઘન સંપર્ક અભિયાન ચલાવાશે અને બાળકનું શાળામાં સ્થાયીકરણ સુદઢ બનાવાશે.

આ પછી ઓગષ્ટમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના જન્મદિવસની ઉજવણી વૃક્ષારોપણ મહોત્સવની ઉજવણી કરશે. પર્યાવરણ અંગે લોક આંદોલન ચલાવશે એટલુ જ નહિ સુજલામ સુફલામ કાર્યક્રમને પણ વેગીલો બનાવી જળસંચય ક્ષમતામાં વધારો કરવા માટે જનસહયોગ વધારાશે. સંવેદના વનોનું નિર્માણ કરવામાં આવશે. આ મંડળો સપ્ટેમ્બર માસમાં વડાપ્રધાન મોદીના જન્મદિવસની ઉજવણીમાં સક્રિય ભૂમિકા અદા કરશે. ૩જી ઓગષ્ટથી ૧૭ સપ્ટેમ્બરના સમયગાળા દરમ્યાન આરોગ્ય જાગૃતતા માસ તરીકે ઉજવવામાં આવશે.

આ ઉજવણી દરમ્યાન દેહદાન, ચક્ષુદાન સહિતના અંગદાન અંગેના સંમતિપત્રો મેળવશે. આ ઉપરાંત આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત સરકાર દ્વારા આપવામાં આવી રહેલ આરોગ્ય સેવાઓની જાણકારી આપવામાં આવશે.

આ સમયગાળામાં પ્રશંસા સમારોહનું પણ આયોજન કરવામાં આવશે. જેમાં શિક્ષણ સહિત વિશિષ્ટ સિદ્ધિઓ મેળવનાર યુવાઓનું સન્માન કરવામાં આવશે. આવા યુવાઓને ઉત્કૃષ્ટતા પ્રમાણપત્ર યુથબોર્ડ દ્વારા આપવામાં આવશે.

સરકાર દ્વારા યોજવામાં આવતા સેવાસેતુ કાર્યક્રમોમાં ઉપલબ્ધ સેવાઓ અંગે લોકોને જાણકારી આપવા ઉપરાંત તેને સફળ બનાવવા તંત્રની સાથે ખભેખભા મિલાવી સહયોગ આપશે.

વિવેકાનંદ મંડળો દ્વારા વિદ્યાર્થી સંયોજકની નિમણુંક પણ દરેક શૈક્ષણિક સંસ્થામાં કરવામાં આવશે. આ સંયોજકની નિમણુંક એક વર્ષ માટે જ કરવામાં આવશે. જે વિદ્યાર્થીઓને સરકારી શિક્ષણ યોજના અંગેની જાણકારી આપશે અને તેનુ યોગ્ય સંકલન કરશે.

વિવેકાનંદ મંડળ માટે સૌનો રસ જળવાઈ રહે તે માટે વાંચન શિબિર, વક્તૃત્વ સ્પર્ધા, વાર્તા સ્પર્ધા સહિતના વિવિધ કાર્યક્રમો ઉપરાંત રમત-ગમતની સ્પર્ધાઓ પણ યોજવામાં આવશે તેમજ તેમાં પુરસ્કાર અપાય તેની કાળજી લેવાશે.

આ મંડળો થકી સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ લોકો સુધી સીધો પહોંચે તેના પર પણ વિશેષ ભાર મુકવામાં આવશે.

સામાજિક સમરસતાના ધ્યેય સાથે આ મંડળો સર્વગ્રાહી કામગીરી કરે તેવો પણ વિશેષ આગ્રહ રાખવામાં આવશે.

# શહેરમાં ગેરકાયદેસર ધમધમતા ટયુશન વર્ગો અને હોસ્ટેલો બંધ કરો

### સેકટરોમાં હોસ્ટેલો માટે મકાન ભાડે આપવાની પ્રવૃતિ પણ વધી છે : અગાઉ પણ આ અંગે રજુઆત કરવામાં આવી હોવાછતા કોઈ પગલા લેવાયા નથી

ગાંધીનગર, તા. ૨૭

શહેરના સેકટરોમાં ધમધમતા ટ્યુશનના વર્ગો તેમજ ખાનગી હોસ્ટેલના લીધે અનેક પ્રશ્નો ઉભા થયા છે. એજયુકેશન હબ બનતા શહેરમાં ટયુશનના વર્ગો તેમજ હોસ્ટેલો પણ નિયમો નેવે મુકીને બિન્દાસ્ત રીતે ધમધમતી હોવા છતા વર્ષોથી આ મામલે કોઈ પગલા લેવાયા નથી. જેના લીધે વિદ્યાર્થીઓની સલામતી અને જાહેરજીવનને અડચણરૂપ થાય તેવી પણ અનેક સમસ્યાઓ ઉદભવી છે. શહેરમાં બહારગામથી આવતા વિદ્યાર્થીઓની સંખ્યા પણ વિશેષ છે. આવા સંજોગોમાં ગેરકાયદેસર રીતે ધમધમતા ટયુશન વર્ગો તેમજ હોસ્ટેલોને પણ તાળા મારવા જોઈએ તેવો સુર ઉઠવા પામ્યો છે.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે આ અંગે રજુઆતમાં જણાંવ્યા મુજબ શહેરમાં આડેધડ વિકાસ કામોના દૌર વચ્ચે સેકટરોમાં ટયુશન વર્ગો પણ બેફામ અને બિન્દાસ્ત રીતે ધમધમી રહ્યા છે. જયારે શિક્ષણ હબ બનતા શહેરમાં ખાનગી હોસ્ટેલો પણ વધી રહી છે. હાલમાં પણ સેકટરોમાં ગેરકાયદેસર રીતે ધમધમતી હોસ્ટેલોની સંખ્યા વિશેષ છે. ત્યારે જાહેર જીવનને અડચણરૂપ થતા પ્રશ્નો પણ વધ્યા છે. આવા સંજોગોમાં આગ અકસ્માતના બનાવો પણ ગમે ત્યારે જાનલેવા પુરવાર થાય તેવી દહેશત પ્રબળ બની છે. વર્ષ ૧૯૯૬ માં આ પ્રશ્નોના ઉકેલ માટે સરકારના અધિકારીઓ સમક્ષ પત્રોના માધ્યમથી અનેકવાર રજુઆત કરવામાં આવી હતી. પરંતુ નગરની સમસ્યાઓથી વાકેફ સંસ્થાઓને આ વેળાએ દુર રાખી શહેરના નકશા કે પ્રશ્નોથી અજાણ અધિકારીઓ સાથે ચર્ચા કરી સમસ્યાને નિવારવા નક્કર આયોજન કરવાનુ આયોજન ન થતા આજે પણ સમસ્યાઓ યથાવત છે. સેકટરોમાં હોસ્ટેલો માટે આડેધડ મકાનો ભાડે આપવામાં આવી રહ્યા છે. તગડા ભાડા લઈ હોસ્ટેલો માટે મકાન ભાડે આપવામાં આવતા હોવાછતા નાગરિકોની ફરિયાદ સાંભળવા માટે કોઈ તંત્ર જ નથી. જયારે સુરતની દુખદ ઘટના બાદ ગાંધીનગરમાં આ પ્રકારની પ્રવૃતિને રોક લગાવવા માટે ઉંડાણપુર્વકની તપાસના અંતે ગેરકાયદેસર પ્રવૃતિઓ બંધ કરાવવામાં આવે તેવી પણ લાગણી અને માંગણી મહામંડળે વ્યકત કરી છે.

# જિલ્લામાં વિવિધ કૃષિ સહાય માટે ૧૨ હજાર ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યું

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં ૧૨ હજારથી વધુ ખેડૂતોએ આ વખતે વિવિધ કૃષિ સહાય યોજનાના લાભાર્થી થવા માટે કૃષિ વિભાગના ખેડૂત આઈ પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવ્યું છે. આ અરજીઓ કરવાની મુદત ૩૧-૫-૧૯ના રોજ પૂર્ણ થઈ રહી છે.

જિલ્લા ખેતીવાડી વિભાગને અત્યાર સુધીમાં ૩૭ જેટલી વિવિધ સહાય યોજનામાં ૧૨૦૩૩ જેટલી અરજીઓ મળી છે. જેમાં અન્ડરગ્રાઉન્ડ પીવીસી પાઈપલાઈન માટે ૨૮૫૮, રોટાવેટર માટે ૯૦૫, ટ્રેકટર માટે ૧૫૩૪, તાડપત્રી માટે ૧૩૮૮, પાવર થ્રેસર માટે ૬૦૬, પોટેટો ડ્રીગર માટે ૨૮૬, બ્રસકટર માટે ૭૬ અરજીઓનો સમાવેશ થાય છે.

વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગત વર્ષ કરતાં આ વર્ષે એક હજારથી વધુ અરજીઓ મળી છે. હાલ આ અરજીઓની ચકાસણી ચાલી રહી છે. અત્યાર સુધીમાં થયેલ ચકાસણીમાં ૪૧૬૯ જેટલી અરજીઓ ગ્રાહ્ય રાખવામાં આવી છે. જયારે ૫૮ જેટલી અરજીઓ પ્રાથમિક દષ્ટિએ જ ચકાસણી માટે યોગ્ય જણાઈ નથી.

હજુ ચાર દિવસ બાકી છે અને વધુ અરજીઓ મળશે તેમ મનાઈ રહ્યું છે. સૌથી વધુ અરજીઓ દહેગામમાંથી ૪૮૧૩ મળી છે. ગાંધીનગરમાંથી ૩૫૧૪, માણસામાંથી ૨૨૬૮ અનો કલોલમાંથી ૧૪૪૪ અરજીઓ મળી છે.

જિલ્લામાં આ વર્ષે સારુ ચોમાસું રહેવાની ખેડૂતોમાં આશા જાગી છે તેમજ ખેડૂતો હવે પરંપરાગત ખેતી છોડી રોકડિયા પાકની ખેતી તેમજ ડ્રીપ ઈરીગેશન માટે વધુ આતુર જોવા મળી રહ્યા છે તો નોંધાયેલ અરજીઓ પરથી ફલિત થાય છે તેમ કૃષિ સાથે સંકળાયેલ સૂત્રોનું કહેવું છે.

### ટેન્ડરિંગની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી

# સે. ૩૦ના જી. ટી. એસ. નજીક મનપા વ્હીકલ પુલ બનાવશે

### મુક્તિધામના નવીનીકરણ અંગેના ટેન્ડર ઉપરાંત આઉટ સોર્સિંગથી અધિકારીઓની ગાડીઓની મુદતમાં વધારો કરવા સહિત નવ જેટલી બાબતો પર નિર્ણય લેવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર મહાનગર પાલિકા જી.ટી.એસ. સો. ૩૦ની નજીક વ્હીકલ પુલ બનાવશે. આ માટેની ટેન્ડરીંગની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે અને આજે મળનારી સ્થાયી સમિતિની બેઠકમાં તેને બહાલી આપવામાં આવશે.

આજે મળનારી બેઠકમાં મુક્તિધામના નવીનીકરણ અંગેના ટેન્ડર ઉપરાંત આઉટ સોર્સિંગથી અધિકારીઓની ગાડીઓની મુદતમાં વધારો કરવા સહિત નવ જેટલી બાબતો પર નિર્ણય લેવામાં આવશે. જી.ટી.એસ. નજીક રૂ. ૧.૬૨ કરોડથી વધુનુ ટેન્ડર રજુ થયુ છે તેને મંજૂરી આપવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે. હાલ સે. ૨૨ ખાતે વ્હીકલપુલ ચાલે છે તે જગ્યા નાની પડે છે અને સરકારી જગ્યામાં આ વાહનો મુકવામાં આવે છે તેને લઈ આસપાસની સોસાયટીના રહીશોમાં ગણગણાટ પણ ચાલી રહ્યો છે. સો. ૨૨માં વ્હીકલપુલની સાથે ઝોન કચેરી પણ ચાલી રહી છે. તેથી જગ્યા ખુબ નાની પડી રહી છે. આ બેઠકમાં સો. ૨૨માં આવેલ વિદ્યાભારતી સંકુલનો વાયર ફેન્સીંગ કરવા માટેના ટેન્ડરને પણ બહાલી આપવામાં આવે તેવા સંકેતો મળી રહ્યા છે.

સ્થાયી સમિતિની બેઠક ઘણા લાંબા કાનૂની જંગ અને ચૂંટણીપંચની આદર્શ આચાર સંહિતાના અમલને લઈ મળી શકી ન હતી તેથી આ બેઠક પર સૌની નજર મંડાયેલી છે. આ બેઠકમાં વિકાસના કામોને ગતિ આપવા ઉપરાંત સમય-મર્યાદામાં કામો પૂર્ણ થાય તેના પર ભાર મુકવામાં આવશે.







ગાંધીનગરમાં ગુજરાત સેનવા રાવત વિકાસ સંઘ દ્વારા ૧૮મા સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું છે કે સમૂહલગ્નોત્સવ એ આજના સમયની આવશ્યકતા છે, આવા લગ્નોત્સવોથી સમાજના આર્થિક સક્ષમ ન હોય તેવા પરિવારો પણ પોતાના દિકરા-દિકરીના લગ્ન આનંદ સાથે ધામધૂમથી કરી શકે છે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના હસ્તે સમાજ કલ્યાણ વિભાગ દ્વારા રાજય સરકારની કુંવરબાઈનું મામેરૂ યોજના અંતર્ગત દરેક દંપતીને રૂપિયા બે હજારની રકમની સહાય આપવામાં આવી હતી. સેનવા- રાવત સમાજના ૨૫ નવદંપતિઓને સુખી લગ્નજીવનની અંતઃપૂર્વક શુભેચ્છા પાઠવી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, સુખી લગ્નજીવન માટે પતિ-પત્નીએ જતું કરવાની ભાવના રાખવી ખૂબ જરૂરી છે. આ પ્રસંગે સમાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમાર, રાજયસભાના સાંસદ શ્રી શંભુપ્રસાદ ટુંડિયા, ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, ગાંધીનગર મહાનગર-પાલિકાના મેયર શ્રીમતી રીટાબેન પટેલ, પૂર્વ મંત્રી શ્રી આઈ.કે.જાડેજા, કૈયલના મેલડીધામ શ્રી રમણમાડી સહિત સમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

# બોલો ક્યાંથી CM બદલાય? ૩૩ માસ વિરોધીઓ સામે ઝઝૂમ્યા, આખરે ૯૯નો બદલો ૨૬થી લીધો

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીના શાસનને ૩૩ મહિના જેટલો સમય થયો છે. તેઓ જ્યારથી ગુજરાતની ગાદી પર બેઠાં છે ત્યારથી તેમની સામે પાર્ટીના કેટલાક વિરોધીઓ અને વિપક્ષના નેતાઓએ તેમની સરકારને અનેક વાર ડિસ્ટર્બ કરવાનો પ્રયાસ કર્યો છે પરંતુ અનેક વિરોધીઓ વચ્ચે પણ વિજય રૂપાણીએ રસ્તો કાઢી આજે દિલ્હીમાં કદ વધાર્યું છે. વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને મળેલી શરમજનક એવી ૯૯ બેઠકોનો બદલો તેમણે લોકસભાની તમામ ૨૬ બેઠકોમાં જીત હાંસલ કરીને લીધો છે. લોકસભાની જીત એ નરેન્દ્ર મોદીને આભારી છે તેવું જાહેરમાં બયાન કરીને રૂપાણીએ તેમનું કદ મોટું કર્યું છે. રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર રહી ચૂકેલા વિજય રૂપાણીને પાર્ટીએ રાજયસભાનું પદ અને ભાજપના પ્રદેશ પ્રમુખનું પદ પણ આપ્યું છે. ૭મી ઓગષ્ટ ૨૦૧૬થી તેઓ ગુજરાતના મુખ્યમંત્રીનું પદ સાચવી રહ્યાં છે.

### દર ત્રણ મહિને અટકળો થતી... રૂપાણી જાય છે...

ગુજરાતમાં વિજય રૂપાણીના શાસનને ડિસ્ટર્બ કરવા માટે દર ત્રણ મહિને એવી અટકળો થતી હતી કે રૂપાણી જાય છે અને તેમના સ્થાને પાર્ટી મનસુખ માંડવિયા અથવા પુરૂષોત્તમ રૂપાલા આવે છે. ગુજરાતમાં આનંદીબહેન પટેલના શાસનને સમાપ્ત કરવામાં પાટીદાર અનામત આંદોલનનો મોટો ફાળો છે તેમ વિજય રૂપાણી સામે પણ પાટીદારો પડકાર બનીને આવ્યા હતા પરંતુ દૂરંદેશીપણું અને સાલસતાથી તેમણે પાટીદારોનો વિરોધ શાંત કરી દીધો છે. રૂપાણી સામે અલ્પેશ ઠાકોરનું વાવાઝોડું પણ આવ્યું પરંતુ ઠાકોર સેનાના અન્ય સાથીદારો સાથે રૂપાણીએ મસલતો કરીને એ આંદોલન પણ શાંત કરી દીધું છે. ગુજરાતમાં નેતૃત્વ પરિવર્તન થવાની હવાઓ વચ્ચે રૂપાણીએ અડગ રહીને, કોઈપણ જાતના ઉશ્કેરાટ વિના સહજ ભાવે શાસન ચાલુ રાખ્યું છે. રૂપાણી પાસે વહીવટી તંત્રનો અનુભવ નથી તેવા આરોપ પણ મૂકવામાં આવ્યા હતા છતાં સીએમ ડેશબોર્ડના માધ્યમથી તેમણે દેશમાં વહીવટી તંત્રની સાચી દિશા આપી છે. શાસનના ૩૩ વર્ષમાં ૧૧ વખત અટકળોએ રૂપાણી સરકારનું રાજીનામું લઈ લીધું છે.

### નબળા બાળકને પિતા વધારે સાચવે...

એક બાબત સ્પષ્ટ છે કે ગુજરાતની સરકારને મુશ્કેલીમાંથી ઉગારવા માટે કેન્દ્રની મોદી સરકારે રૂપાણી સરકારને હંમેશા સાથ અને સહકાર આપ્યો છે. રૂપાણી સામે બવંડર ઉભું ન થાય તે માટે ૧૯૯૧ પછી પ્રથમવાર ૨૦૧૭માં ડેપ્યુટી ચીફ મિનિસ્ટરની પોસ્ટ ઉભી કરીને પાર્ટીએ નિતીન પટેલ અને પાટીદાર સમાજના રાજકીય નેતાઓને સાચવી લીધા છે. હાર્દિક પટેલ પ્રેરિત પાટીદારોના આંદોલનને તોડી પાડવા માટે આર્થિક રીતે નબળાં સવર્ણો માટે મોદીએ જ્યારે ૧૦ ટકા અનામતની જાહેરાત કરી ત્યારે રૂપાણી સરકારના મુખ્ય વિરોધી કહેવાતા પાટીદાર અનામત આંદોલનના પ્રણેતાઓએ હથિયાર હેઠાં મૂકી દીધા હતા. ગુજરાતની સરકાર બચાવવાનો મોદીનો આ માસ્ટરસ્ટ્રોક હતો જે આખા ભારતમાં અમલી બન્યો છે. ભાજપના વિરોધીઓને શાંત કરવામાં મોવડીમંડળની મોટી ભૂમિકા છે. ગુજરાત સરકારના વહીવટમાં જ્યારે ભૂલો થતી ત્યારે કેન્દ્રની સરકારે તેને સાચવી લીધી છે. વિજય રૂપાણી એ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની પસંદ હોવાથી તેમની સામે જે પડકારો આવ્યા તેનો સામનો કેન્દ્ર અને રાજ્ય સરકારે એકઠા થઈને કર્યો છે.

### રૂપાણી જાય છે તેવી અટકળો દર ત્રણ મહિને થતી હતી, ૧૧ વખત વિરોધીઓએ CM બદલ્યા છે ... લોકસભામાં કોંગ્રેસ ૧૦ થી ૧૨ સીટ લઈ જશે તેવી સંભાવના છતાં આક્રમક પ્રચાર ચાલુ રાખ્યો... વહીવટી અનુભવ નથી તેવી ધારણા ખોટી પાડી-CM ડેશબોર્ડ એ સૌથી મોટી ઉપલબ્ધી બની...

### સંજોગના સીએમ પરિશ્રમથી ઉપર આવ્યા

કહેવાય છે કે સંજોગોએ ગુજરાતમાં પાંચ મુખ્યમંત્રી આપ્યા છે જેમાં માધવસિંહ સોલંકી વખતે અમરસિંહ ચૌધરી, ચીમનભાઈ પટેલ વખતે છબીલદાસ મહેતા, કેશુભાઈ પટેલ વખતે સુરેશ મહેતા, શંકરસિંહ વાઘેલા વખતે દિલીપ પરીખ અને આનંદીબહેન પટેલ વખતે વિજય રૂપાણીનો સમાવેશ થાય છે. જો કે આ પાંચ મુખ્યમંત્રીઓમાં સૌથી વધુ સફળ અમરસિંહ અને વિજય રૂપાણી થયા છે. સતત પરિશ્રમ કરીને રૂપાણીએ મોદીનો ગુજરાતમાં વૈભવ સાચવ્યો છે. મોદીએ ગુજરાતમાં ૧૩ વર્ષ શાસન કર્યું છે અને તેમાં જે કાર્યો કર્યા છે તેને રૂપાણીએ આગળ ધપાવ્યા છે. મીસ ફીટ મુખ્યમંત્રી હોવાના આરોપ વચ્ચે રૂપાણીએ ફીટ ચીફ મિનિસ્ટરનું લેબલ પ્રાપ્ત કર્યું છે. વિપક્ષ કોંગ્રેસ તો મુખ્યમંત્રી રૂપાણીને ડિસ્ટર્બ કરી શકી નથી પરંતુ એક તબક્કે પાર્ટીના વિરોધીઓએ તેમને અનેક વખત ડિસ્ટર્બ કરવાના પ્રયાસ કર્યા છે પરંતુ તેઓ તેમની મહેનતથી આગળ આવ્યા છે. પાર્ટીના અનેક વિરોધીઓની પરવા કર્યા વિના તેમણે શાસનને પરિવર્તનશીલ બનાવ્યું છે.

### ૧૬ મહિનાના શાસન પછી પડતી આવી પણ...

ગુજરાતમાં ૮૦૮ દિવસના શાસન પછી ભાજપના હાઈકમાન્ડે આનંદીબહેન પટેલનું રાજીનામું લઈ લેતાં એવી અટકળો વહેતી થઈ હતી કે ગુજરાતના મુખ્યમંત્રી પદે અમિત શાહ, પુરૂષોત્તમ રૂપાલા કે મનસુખ માંડવિયા આવશે પરંતુ બધાં નામની વચ્ચે ખુદ અમિત શાહે પાર્ટી બેઠકમાં વિજય રૂપાણીનું નામ મૂક્યું અને અંતે પસંદગીનો કળશ ઢોળાયો. શરૂઆતમાં ભાજપના મુખ્યમંત્રીના દાવેદારોએ તેમના નામનો વિરોધ કર્યો હતો પરંતુ હાઈકમાન્ડ સામે તેઓનું ચાલ્યું નહીં અને પાર્ટીએ વિજય રૂપાણીને મુખ્યમંત્રીનો ચાર્જ સોંપી દીધો હતો. ૧૬ મહિનાના શાસન પછી વિજય રૂપાણી સામે વિધાનસભાની ચૂંટણીનો નવો પડકાર આવ્યો. આ સમયે પણ ભાજપમાં એવી અટકળો વહેતી થઈ હતી કે આ ચૂંટણી રૂપાણીના નેતૃત્વમાં લડાશે નહીં. નવા મુખ્યમંત્રી આવશે પરંતુ તેમ ન થયું અને વિધાનસભાની ચૂંટણીનું નેતૃત્વ પાર્ટીએ વિજય રૂપાણીને આપી દીધું. આખરે ભાજપનો પાતળી બહુમતિથી વિજય થયો. રાજ્યમાં ૯૯ બેઠકો મળતાં હાઈકમાન્ડ રૂપાણીથી થોડું નારાજ થયું પરંતુ કોંગ્રેસના ધારાસભ્યોને તોડવાની ઝૂંબેશ શરૂ કરીને પાર્ટીએ તેની સભ્યસંખ્યા વધારવાનો પ્રયાસ શરૂ કર્યો અને વિજય રૂપાણીને જીવતદાન મળી ગયું. મોદી અને અમિત શાહની પસંદ હોવાથી રૂપાણીને આંચ ન આવી.

### રૂપાણી સીધા મુખ્યમંત્રી બન્યા નથી...

વિજય રૂપાણીએ સીધા મુખ્યમંત્રી બન્યા નથી. ૧૯૭૫થી જનસંઘ અને ભાજપ સાથે સંકળાયેલા રૂપાણી ૧૯૮૭માં રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કોર્પોરેટર તરીકે ચૂંટાયા હતા. તેઓ ૧૯૯૬ થી ૧૯૯૭ સુધી રાજકોટના મેયર રહી ચૂક્યાં છે. ૨૦૦૬ થી ૨૦૧૨ સુધી તેઓ રાજ્યસભાના સભ્ય હતા. ઓગષ્ટ ૨૦૧૪માં કર્ણાટકના રાજ્યપાલ પદે પસંદ થયેલા વજુભાઈ વાળાએ રાજકોટ પશ્ચિમ બેઠક પરથી રાજીનામું આપતાં રૂપાણી પેટા ચૂંટણી લડ્યા હતા. નવેમ્બર ૨૦૧૪માં જ્યારે તેઓ આનંદીબહેન પટેલની સરકારમાં ટ્રાન્સપોર્ટ મિનિસ્ટર બન્યા ત્યારે કોઈને શંકા પણ ન હતી કે રૂપાણી એક દિવસ મુખ્યમંત્રી બનશે. રૂપાણીને ૨૦૧૬માં ફેબ્રુઆરી થી ઓગષ્ટ સુધી પાર્ટીના પ્રેસિડેન્ટ પણ બનાવવામાં આવેલા છે. છેવટે તેમને મુખ્યમંત્રીની ખુરશી આપવામાં આવી હતી. ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણી પહેલાનું તેમનું ૧૬ મહિનાનું શાસન મધ્યમ રહ્યું છે પરંતુ વિધાનસભાની ચૂંટણી આવતી હોવાથી તેમણે છેલ્લા ત્રણ મહિના દિવસ રાત જોયા વિના પ્રજા કલ્યાણની અનેક યોજનાઓની જાહેરાત કરી અમલ શરૂ કરાવ્યો હતો.

### શાંત, સાલસ અને સૌમ્ય પ્રકૃત્તિ ધરાવે છે...

નરેન્દ્ર મોદીના સૂત્ર સૌનો સાથ સૌનો વિકાસ.. સૂત્રને આગળ કરીને વિજય રૂપાણીએ ગુજરાતનું શાસન ચાલુ રાખ્યું છે. કોણ મુલાકાતી છે તેની પરવા કર્યા વિના તેઓ તેમના શાસન દરમ્યાન પ્રત્યેક વ્યક્તિને મળ્યા છે. સ્વભાવે શાંત, સાલસ અને સૌમ્ય પ્રકૃત્તિ ધરાવતા રૂપાણી કેબિનેટના સભ્યો સાથે હોય કે પાર્ટી મિટીંગમાં હોય, ક્યારેય ઉગ્રતા તેમનામાં જોવા મળી નથી. અધિકારીઓ પાસેથી પણ કામ લેવાની તેમની આવડતથી ગુજરાત પ્રગતિશીલ રાજ્ય બન્યું છે. તેમણે શાસન દરમ્યાન નરેન્દ્ર મોદી અને અમિત શાહનો વિશ્વાસ મેળવ્યો છે. ગુજરાતમાં વિવિધ સમાજ અને જ્ઞાતિઓ સાથે મંત્રણા કરીને વિખવાદો ટાળ્યા છે. પાટીદારો પછી દલિત અને ઓબીસી જ્ઞાતિને ભડકાવવાના પ્રયાસો થયા પરંતુ તેમણે બધાંને સમજાવ્યા છે. પ્રશ્નો ઉકેલ્યા છે. કોંગ્રેસના આશા પટેલ, કુંવરજી બાવળિયા અને જવાહર ચાવડાને પાર્ટીમાં લઈને રૂપાણીએ પાટીદાર, કોળી અને ઓબીસી સમાજનું બેલેન્સીંગ કર્યું છે. જો કે આ ઓપરેશન માટે અમિત શાહનો મોટો ફાળો રહ્યો છે.

### ૯૯નો બદલો ૨૬ બેઠકોથી લીધો છે...

ગુજરાતમાં ભાજપને જ્યારે ૯૯ બેઠકો આવી ત્યારે પાર્ટીમાં નારાજગી હતી પરંતુ ધીમે ધીમે કોંગ્રેસના ધારાસભ્યોને રાજીનામા અપાવીને રૂપાણીએ અત્યારે વિધાનસભામાં ૧૦૪ સભ્યોની સ્ટ્રેન્થ એકત્ર કરી લીધી છે. ૯૯ બેઠકોનો અભિશાપ પૂર્ણ થયો છે. લોકસભાની ચૂંટણી પહેલાં એવી ધારણા હતી કે કોંગ્રેસને ૧૦ થી ૧૨ બેઠકો મળી શકે છે પરંતુ રૂપાણીએ સંખ્યાની પરવા કર્યા વિના રાજ્યભરમાં ચૂંટણી પ્રવાસ કરીને મોદીના સપનાને પૂરા કરવા મતો માગ્યા છે. રૂપાણીએ તમામ ૨૬ બેઠકોના વિસ્તારમાં ચૂંટણી પ્રચાર કર્યો છે. ભાજપમાં કહેવાય છે કે ૯૯નો બદલો ૨૬ બેઠકોથી લેવાયો છે. લોકસભાની ચૂંટણીનું જ્યારે પરિણામ આવ્યું ત્યારે રૂપાણીએ ૨૬ બેઠકોનો જશ પોતાના શિરે લેવાની જગ્યાએ જાહેરમાં કહી દીધું કે-- મોદી હૈ તો મુમકિન હૈ... ગુજરાતમાં તમામ બેઠકોનો શ્રેય તેમણે માત્રને માત્ર નરેન્દ્ર મોદી અને અમિત શાહને આપ્યો છે. રૂપાણી જ્યારે મેયર હતા ત્યારે તેમને રાજકોટના સ્થાનિક નેતા તરીકે લોકો ઓળખતા હતા. મુખ્યમંત્રી થયા ત્યારે ગુજરાતની જનતા તેમને ઓળખતી થઈ છે અને હવે ૨૬ બેઠકો જીતવાનું નેતૃત્વ હોવાથી તેમને ભાજપમાં રાષ્ટ્રીય કક્ષાના નેતા તરીકે પદવી મળી છે. રૂપાણીનું દિલ્હીમાં કદ વધ્યું છે અને એ સાથે રૂપાણીને હટાવવાની અટકળો શાંત પડી છે. પાર્ટીનો જૂથવાદ ૨૬ બેઠકોના વિજયમાં ઓગળી રહ્યો છે.